## સુપ્રભાતમ્

**સુરેશ પ્રા. ભટ્ટ**
079-23226251

### સલામી સવારની..

*ધરો ખૂબ છતાં ક્યારેક ધીરજ ખૂટી જાય છે,*
*ઓળંગી જાય હદ દુઃખ, તો શ્રદ્ધા તૂટી જાય છે!*
*ડગમગી જાય છે વિશ્વાસ જાત પરથી પણ -*
*અતિરેક થાય આજ્ઞાનો તો આસ્થા ઉઠી જાય છે...*

### હાઈકુ

*ભોળપણમાં -*
*ભલભલાને બધા -?*
*લૂંટી જાય છે!*

*ઓળંગો નહીં -*
*સાવધાનીની કોઈ -*
*લક્ષ્મણ રેખા....*

### ચિંતન

*તિમિર ગયા રવિ દેખતે, કુબુદ્ધિ ગઈ ગુરુજ્ઞાન,*
*સુબુદ્ધિ ગઈ કછુ લોભ સે, ભક્તિ ગઈ અભિમાન.*

**ઉપરોક્ત સાખી કબત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**અહંભાવ માણસનો સૌથી મોટો શત્રુ છે. મનુષ્યોના સર્વગુણો અને સદ્‌કર્મોનો નાશ કરી દે છે. સદાય માનવી ધન-વૈભવ અને સત્તા કે પદના અહંકારથી મુક્ત થઈ શકતો નથી. કબીર કહે છે કે આકાશમાં સૂર્યનું આગમન થાય તેનો પ્રકાશ ફેલાય કે તરત જ અંધકાર દૂર થઈ જાય છે.**

**ગુરુએ આપેલ ઉપદેશ કે જ્ઞાનને જો માનવી સ્વીકારીને જીવનમાં ઉતારે તો તેનામાં રહેલી કુબુદ્ધિ આપોઆપ દૂર થઈ જાય છે. લોભ અને લાલસા બહુ બુરી ચીજ છે. માણસના માનવીની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. તેથી તે કોઈ કામ કરતાં અચકાતો નથી. અને અહંભાવ અને અભિમાનથી તે પ્રભુની ભક્તિ કરવાનું જ વિસરી જાય છે. તેથી પ્રભુ તેનાથી દૂર અને દૂર થતો રહે છે.**

### સુવિચાર

- સમયની કસોટી પરથી જ મનુષ્યના આત્માની પરિક્ષા થાય છે - **સંત રોબિન**
- આપણે શ્રદ્ધાના આધારે ડગ ભરીએ છીએ, દૃષ્ટિના આધારે નહીં - **બાઈબલ**
- નિષ્ફળતાનો અર્થ એ નથી કે હું નિષ્ફળ સાબિત થયો છું, એનો અર્થ એ થાય છે કે, હું હજી સફળતા લગી પહોંચ્યો નથી - **પોલ સાત્ર**
- જેટલું છળકપટ સત્ય સાથે થાય છે, તેટલું બીજા કોઈની સાથે થતું નથી - **ઉમેશ મહેતા**
- જ અખંડ ટકે તે સચ્ચિદાનંદ, તે ભક્તિથી મેળવી શકાય છે - **શ્રીમાતાજી**
- ધર્મના બે સ્વરુપ છે : તત્ત્વજ્ઞાન અને નૈતિક આચાર - **મહાવીર સ્વામી**
- આજનું ઔષધ : પીલુનું એક પાનનો રસ કાઢી મધ સાથે પીવાથી ઝાડા બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

યુદ્ધ દરમિયાન સેનાપતિએ એક અગત્યનો કાગળ નેપોલિયનને લખ્યો અને સૈનિકને ઘોડા પર જઈ એ પત્રનો જવાબ તાબડતોબ લાવી આપવા કહ્યું. સૈનિકે ઘોડો દોડાવ્યો, જેવો તે નેપોલિયન પાસે પહોંચ્યો અને ઘોડો થાકીને ધમ તોડ્યો. નેપોલિયને પત્રનો જવાબ લખ્યો અને સૈનિકને કહ્યું, ‘તારો ઘોડો વીરગતિ પામ્યો છે. હવે તું મારો ઘોડો લઈ જા અને આ પત્ર સેનાપતિને પહોંચાદી દે.’ સૈનિકને વિશ્વાસના પડ્યો કે નેપોલિયન જેવો શાસક મને એનો શ્રેષ્ઠ ઘોડો આપે છે. એણે કહ્યું, ‘મારા જેવા સામાન્ય સૈનિકનું તમારા શ્રેષ્ઠ ઘોડા પર બેસવું ઠીક નથી. કયાં તમે અને હું એક સાવ સામાન્ય સૈનિક. માટે હું દોડતો જઉં અને આપનો પત્ર વહેલી તકે પહોંચાડી દઉં છું.’ નેપોલિયન બોલ્યો, ‘ના, તમારે પગપાળા જવાની જરૂર નથી. દુનિયાની કોઈ પણ બહેતરીન સ્થિતિ કે ચીજ નથી કે જેના પર તારો અધિકાર ન હોય. તું એક મારો બહાદુર સૈનિક છે. તું ગમે તે હાંસલ કરી શકે છે.’ પૈલા સૈનિકે કહ્યું, ‘હુજુર, આ ઉત્તમ ઘોડા પર બેસવું તમને શોભા આપે છે. મારા જેવા મામૂલી સૈનિકના ભાગ્યમાં એ નથી લખ્યું.’ નેપોલિયને કહ્યું, ‘ધરતી પર કોઈ એવી સ્થિતિ કે અસાધારણ વસ્તુ નથી, જેનો કોઈ સાધારણ વ્યક્તિ ઉપયોગ ન કરી શકે. તે પોતાના પૌરુષથી બધું જ મેળવી શકે છે. દરેક વ્યક્તિ સામાન્યથી ઊંચા કામ કરતાં કરતાં જ મહાન બની શકે છે.’ હવે સૈનિક નેપોલિયનની વાત સ્વાકારવા તૈયાર થયો અને ઘોડો લઈ સેનાપતિને પત્ર પહોંચાડવા રવાના થયો.

# ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટી રાજકીય પક્ષ તરીકે ભલે એની મૂળ વ્યાખ્યા મુજબ ‘પાર્ટી વિથ ડિફરંસ’ ન રહી હોય પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી શબ્દશઃ ‘પીએમ વિથ ડિફરંસ’ સાબિત થતા રહ્યા છે એ વિશે ભાગ્યે જ બે મત હોઈ શકે. એમની કાર્યપદ્ધતિ અત્યાર સુધીના પરંપરાગત નેતાઓ કરતાં નોખી-અનોખી છે. બીજા તમામ કરતાં કંઈક ખાસ-કશુંક વિશિષ્ટ વિચારવું અને એનો અમલ કરાવો તેમ જ કરાવવો તે એમની ખાસિયત છે. બાબા રામદેવ દુનિયાભરમાં ફરી ફરીને યોગ અને પ્રાણાયામનો પ્રચાર કરતા હતા અને છેક સ્વામી વિવેકાનંદથી લઈ મોરારિ બાપુ સુધીના આપણા પ્રબુદ્ધ ધર્માચાર્યો હિંદુ ધર્મનાં સનાતન તત્ત્વોનો દુનિયાના ખૂણે ખૂણે ફરીને પ્રચાર કરતા રહ્યા છે. સફાઈને મહાત્મા ગાંધીએ જીવનમંત્ર બનાવેલ. આ બધા પોતપોતાના સ્તરે ખૂબ મહત્ત્વનું પ્રદાન કરી ગયા છે અને કેટલાક હજી પણ કરી રહ્યા છે પરંતુ ભારતીય સંસ્કૃતિનો મનોવૈજ્ઞાનિક તેમજ વિજ્ઞાનસિદ્ધ પુરસ્કાર કરવાનું શ્રેય તો નરેન્દ્રભાઈને જ આપવું પડે. કોરોનાના આતંક સામે એકસો ત્રીસ કરોડ પ્રજાજનોને મનોબળ પૂરું પાડવા માટે કોઈ સિદ્ધ મહાત્મા પણ ન કરી શકે એવું કાર્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકલા હાથે કરી રહ્યા છે. જનતા કર્ફ્યૂ પછી જોખમો વહોરી સેવારત રહેતી પોલીસ તથા તબીબી આલમના માનમાં એમણે તાળી અને થાળી વગડાવી, શંખનાદ કરાવ્યો. એ પછી એકવીસ દિવસનું કઠોર અનુશાસન પર્વ - લોકડાઉન આરંભાયું. કયારેક નરેન્દ્ર મોદીએ ઈંદિરા બ્રાન્ડ ઈમરજન્સી પણ જોયેલી છે. આ તો ઘર ઘર પર નજરકેદનો હુકમ, પરંતુ આશય કેટલો ઉમદા. જીવ બચાવવો હોય, કોરોનાનો કોળિયો ન બનવું હોય તો આ એકમેવ ઉપાય હાથવગો હતો અને વિશ્વના તમામ વૈજ્ઞાનિકો તથા વિકસિત રાષ્ટ્રો એક અવાજે લોકડાઉનની તરફેણ કરતાં હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક બોલ પર આખા દેશે લોકડાઉન જેવી કપરી કસોટી સ્વીકારી લીધી. એમાં કયાંય ચૂક ન થાય તો કોરોનાની સાંકળ આગળ વધતી અટકે એ શુભાશય સાથે શરૂ થયેલ આ લોકડાઉન દરમિયાન તબલીઘી સમુદાયની કમનસીબી પણ દેશને નડી. એ તમામ વ્યવધાનો વચ્ચેથી માર્ગ કાઢતાં કાઢતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાજનોને અડધે રસ્તે પીઠ થાબડતા હોય એમ ઘરની લાઈટો ઓફ કરી દઈ પાંચમી એપ્રિલે રાતના નવ વાગ્યે, નવ મિનિટ માટે દીવા પ્રગટાવી અંધકાર પર પ્રકાશના વિજયનો પ્રતીક ઉત્સવ ઊજવવાનો વિચાર આપ્યો. આ વિચાર પ્રજાએ હરખભેર સ્વીકારી લીધો અને દેશ આખામાં દિવાળી જેવો માહોલ પ્રવર્તી રહ્યો. મોદીના આ આધ્યાત્મિક પ્રકારના અભિગમની ટીકા કરનારાઓએ ટીકા પણ કરી છે, પરંતુ પ્રજાના દિલમાં તો હજી મોદી જ દીવો બનીને અજવાળાં રેલાવી શકે છે અને કોરોના સામેના યુદ્ધમાં પણ સેનાપતિ તરીકે મોદી જ કારગત નીવડી શકે - એવી એક મૂઠી ઊંચેરી છાપ તેઓએ જરૂર ઊભી કરી છે. તંત્ર એમને શબ્દશઃ અનુસરી કોરોના સામેના યુદ્ધમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યું છે. ઉત્સાહમાં આવી જઈ જનતા કર્ફ્યૂ વખતે રસ્તામાં ટોળે વળેલ પ્રજાજનો ફરી વાર એવી ભૂલ ન કરી બેસે એની પણ પૂરી તકેદારી રખાઈ અને વિશ્વને પ્રકાશનો સંદેશ આપતો એક કર્મકાંડ સફળતાપૂર્વક સંપન્ન થયો.

# નાસે રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત બીરા...

**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

‘પપ્પા, જ્યારે જ્યારે મન વિચલિત થાય, ડર લાગે, બીક લાગે ત્યારે ત્યારે હનુમાન ચાલીસા ગાવા, એવું તો તમે જ અમને શીખવ્યું છે... ચાલો ગાઈએ.’

કોઈ એક પ્રસંગે દીકરીએ આવું કહ્યું ત્યારે બાળપણ સ્મૃતિમાં આવી ગયું. નાનીમા, હીરાબાએ કહ્યું હતું, ‘બેટા, જ્યારે જ્યારે ડર લાગે, સંકટ આવે ત્યારે ત્યારે હનુમાન દાદાને યાદ કરવા...’ બસ ત્યારથી એ સ્વરુપ સાથે સાહજિક અને સતત ભાવ થયો. સાળંગપુર હનુમાનજી મંદિરે જતા થયાં કિશોરવયે યુવા અવસ્થામાંથી પૂજ્ય મોરારિ બાપુનું અને તલગાજરડા હનુમાનજીનું સાનિધ્ય મળ્યું... આમ ને આમ હનુમંત ચરિત્રમાં શ્રદ્ધા વધતી ગઈ...



હનુમાનજીનું બાળપણ અદભૂત છે બાળપણના સાહસની અનેક ઘટનાઓ પૈકી સૂરજને ગળી જવાની ઘટના વિશે હનુમાન અષ્ટકમાં લખાયું ...

બાલ સમય રબિ ભક્ષ લીયો... એમાં અંતમાં ગવાય છે. ‘કો નહિ જાનત હૈ જગમેં કપિ
સંકટ મોચન નામ તિહારો...’

એ બંદર નથી, એ એનું રુપ છે. પૂજ્ય મોરારિ બાપુએ કથાઓમાં કહ્યું છે, ‘હનુમંત આશ્રય ખુબ કરો, પ્રાતઃકાળે પૂર્વાકાશમાં સૂર્યોદયની પહેલા જે લાલીમા પ્રસરે છે, એ સાક્ષાત હનુમાનજીનું સ્વરુપ છે.’

પૂર્ણાવતાર ભગવાન શ્રી રામના અત્યંત પ્રિય છે હનુમાન. હનુમાનજીની સાધનાના - વંદનાના અનેક શ્લોક - સ્તોત્ર-દોહા - સોરઠા-આરતી તતા પદો પુરાણોથી લઈને આજ સુધીના સર્જકોમાં વાંચવા મળે છે. ભક્તો એના પાઠ કરે છે, હનુમાનજીનું સ્મરણ કરે છે અને ભક્તિથી - પ્રસન્નતાથી સભર થાય છે.

હનુમાનજી આપણને ડર ઉપર વિજય અપાવે છે. આપણા રોજિંદા જીવનમાં આપણને રોજે રોજ નવા નવા સમય-સંજોગ-માણસો-ગામ - પરિસ્થિતિમાં કામ પાડવાનું હોય છે. સ્વાભાવિક છે કે દરેકને કયાંક ને કયાંક કોઈકને કોઈક ભય સતાવે છે. આપણને સાચો-ખોટો, કાલ્પનિક કે વાસ્તવિક ડર ધ્રુજાવી દે છે. આવા સમયે હનુમાનજીનું સ્મરણ આપણને આ ડર ઉપર વિજય અપાવે છે.

બળ-બ્રહ્મચર્ય - પરાક્રમ - વીરતા - નીડરતા - ભક્તિના - અનુગ્રહના દાતા છે હનુમાનજી. તેમનું અખંડ સ્મરણ આપણને આધિ-વ્યાધિ, આપત્તિ, ભય, કલેશથી મુક્તિ આપે છે. મનના - વિચારોના ભય અને પરિસ્થિતિઓનું સંકટ નાશ પામે છે. સર્વ રોગ નિવારણ માટે જ હનુમાન ચાલીસામાં ગવાયુ છે.

નાસૈ રોગ હરે સબ પીરા,
જપત નિરંતર હનુમંત બીરા.
સંકટ સે હનુમાન છુડાવે,
મન કર્મ બચન ધ્યાન જો લાવે...

એ દુઃખ હરે છે ને પ્રાણમાં વિશ્વાસ ભરે છે, બળ આપે છે. હનુમંતજી પ્રાણ તત્ત્વ છે, વાયુ તત્ત્વ છે અને એથી સર્વ વ્યાપક છે. શત્રુ પર વિજય અપાવે છે અગત્સ્ય ઋષિ રામાયમણમાં હનુમાનજી માટે રામને કહે છે, ‘બળ-બુદ્ધિ અને ગતિમાં એમના સમાન કોઈ નથી.’

હનુમંતયાગ નિમિત્તોના એક પ્રવચનમાં પૂજ્ય મોરારિ બાપુએ કહ્યું છે તેની નોંધ હનુમંત દર્શન પુસ્તકમાં છે કે ‘બે ત્રણ વસ્તુ હનુમાનજીના જીવનમાંતી શીખીએ, (૧) દ્વેષયુક્ત ચરિત્ર, (૨) કલેશરહિત જીવન, (૩) અરોષવૃત્તિ.’

હનુમંત ચરિત્રમાંથી સતત કાંઈક ને કાંઈક શીખતા રહીએ, પામતા રહીએ, સભર થતા રહીએ અને એનું સ્મરણ કરતા રહીએ... ડરમુક્ત બનતા રહીએ.

* * *

પૃથ્વી પર વસતા માનવો પૈકી મોટાભાગના લોકો પોતપોતાની વ્યક્તિગત શ્રદ્ધા-આસ્થા-ધર્મ-સંપ્રદાયને અનુરુપ કયાંકને કયાંક - કોઈ ને કોઈ મૂર્ત કે અમૂર્તમાં શ્રદ્ધા ધરાવતા હોય છે. આવું જ એક સ્વરુપ શ્રી હનુમાનજીનું છે અને અગમિત ભક્તોને એમનામાં આસ્થા છે. ગામ દેવ તરીકે પૂજાય છે. ભારતીય સંસ્કૃતિમાં હનુમાનજી, એથી જ મોટાભાગે ગામડામાં ગામને સીમાડે હનુમાનજી મંદિર હોય જ... હનુમાન ચાલીસામાં લખાયું છે

તુમ્હરે ભજન રામકો પાવૈ
જનમ જનમ કે દુઃખ બિસરાવે

આ ચોપાઈમાં - આવી પંક્તિઓમાં શ્રદ્ધા જાગે ત્યારે આસ્થાના અજવાળા પ્રાણતત્ત્વમાં રેલાય છે.

# ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ

**વિચારયાત્રા**
**ડૉ. જય ઓઝા**

ચલો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ,
સ્વેચ્છાચારી મુક્તવિહારી યુવજન ખાયે ઠોકર આજ,
મૈં ઔર મેરા વ્યક્તિ કેન્દ્રિત વિચાર મનમે કરતા રાજ,
નષ્ટ ભ્રષ્ટ પરિવારતંત્રને ડાલા અબ યહાં ડેરા હૈ,
સુજલાં સુફલાં ધરતી મા કો માનવ પશુઓ ને લૂંટા
પૃથ્વી માં હમ બચ્ચે ઉસકે કિયા ભાવ યહ સબ ઝૂઠા
ભૌતિકતા કી વિષવેલાને અખિલ વિશ્વ કો ઘેરા હૈ,
નહિ ડરેંગે નહીં રુકેંગે બઢતે જાયેં આગે હમ,
પરિવર્તન કી પાવન આંધી લાકર હી હમ લેંગે દમ,
સંઘ શક્તિ કે રુપ મેં દેખો અબ હો રહા સવેરા હૈ,
ચલો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ

શિશુ અવસ્થામાં સંઘની શાખાઓમાં જ્યારે આ ગીતને ગવડાવવા માં આવતું હતું ત્યારે આ ગીતનો ગૂઢ અર્થ સમજમાં નહોતો આવ્યો, પરંતુ છેલ્લા પંદર દિવસથી દેશ અને વિશ્વની જે દારુણ પરિસ્થિતિ દ્રષ્ટિગોચર થાય છે,આપણે સ્વયં જ્યારે આ મહામારી અને કાળમુખા સમયમાં જીવી રહ્યા છીએ ત્યારે, ગઈકાલે રાતે જે પ્રમાણે હાથમાં દીવા લઈને ઊભા રહેલા પ્રત્યેક ભારતીયને જોયા ત્યારે અનુભવ કર્યો કે એક નાનકડો દીવો ગાઢ તિમિરને દૂર કરી નાંખવા સક્ષમ છે. એવો વિશ્વાસ જન્મ્યો કે, આ દેશમાં મારું પણ કંઈક યોગદાન હોઈ શકે. આ દેશના વિકાસમાં હું પણ રામ ની ખિસકોલીની જેમ સહાયરૂપ બની શકું છું. આવશ્યકતા છે માત્ર વિશ્વાસની, શ્રદ્ધાની અને શિસ્તની.

જનતા કરફ્યુની સાંજે તાળીથી અને થાળીથી કોરોના વોરિયર્સને વધાવી લેનાર જનસમૂહ અને ગઈકાલે દીવા કેન્ડલ મીણબત્તી થી સમાજનો દરેક વર્ગ એક આશા સાથે નવા સૂર્યોદયને વધારવા માટે અંધારી રાતને એક એક કોડિયું - એક દીપ પ્રજ્વલિત કરીને જાકારો આપવા માટે જાણે કટિબદ્ધ હતો.

આ સમયે એવો છે જ્યારે જીવન જીવવા માટે ડેલ કાર્નેગીના કે એવા કોઈ બીજા મોટીવેશનલ સ્પીકરના ભાષણોથી પ્રેરિત થવા કરતાં સ્વયં પોતાનું જ દ્રષ્ટાંત રજૂ કરીને, ‘અપ્પ દીપો ભવ’ - ‘ તું જ તારો દીવો થા’ એ સૂત્ર ચરિતાર્થ કરીને સ્વયં પ્રેરિત થવાનું છે.

● શ્રી વિનોબા ભાવેનું એક કથન યાદ આવે છે :

‘અંધકારને ફેડવા માટે સૂર્ય, ચંદ્ર કે તારાઓની જ રાહ જોયા કરશું તો નહિ ચાલે. એને બદલે ઘેરઘેર દીપક હોય એવી યોજના કરવી પડશે. આજે ઘેરઘેર દીવો નથી પ્રકાશતો એનું કારણ એ છે કે લોકોને પોતાની શક્તિનું ભાન નથી. લોકોને અંદરથી એવી ખાતરી નથી થતી કે, અમારી સમસ્યાઓ અમે જાતે ઉકેલી શકીશું. દરેક વાતમાં સરકારને યાદ કરે છે. સરકારનું તો એટલું નામ લે છે કે ભગવાનનેય ભૂલી જાય છે!

આ પરિસ્થિતિમાં સરકારની કશી મદદ વિના, કેવળ લોકશક્તિને આધારે ભૂદાનમાં ૪૦-૪૫ લાખ એકર જમીન મળી, છએક હજાર ગ્રામદાન પણ મળ્યાં, એ બહુ મોટા આશ્ચર્યની વાત ગણાવી જોઈએ.

માણસ મરણ પથારીએ પડ્યો હોય ત્યારે તેના નાક ઉપર સૂતર ધરીને જુએ છે કે તે હલે છે કે નહિ. શ્વાસોચ્છ્‌વાસ ચાલતો હોય તો સૂતર હલશે અને તેથી સમજાશે કે માણસ જીવતો છે. એવી રીતે ભારતના નાક ઉપર ભૂદાન આંદોલન રૂપી સૂતર ધર્યું છે. તે થોડું હલતું દેખાય છે એ બતાવે છે કે અંદર ચેતન છે.’

એવું નથી લાગતું કે જાણે ઈતિહાસ પુનરાવર્તિત થઈ રહ્યો છે! આપણે બધા જ સ્વયં શક્તિમાન છીએ.પરંતુ, જ્યારે હનુમાનજીને પણ પોતાની શક્તિને પીછાણવા માટે જાંબુવનની જરૂર પડે તો આપણે તો માનવ છીએ. આપણાં જાંબુવન કોણ છે,તે તો આપણે ઓળખી શકીએ કે નહીં?

આપણે જાણીએ છીએ આપણું કર્તવ્ય શું છે,આપણી શક્તિ શું છે,પણ પારસમણિનો સ્પર્શ તો કરવો જ રહ્યો ને!

ના ના રખે ને માનતા કે આ વ્યક્તિવિશેષ માટેની પ્રશંસા છે.હા,પ્રશંસા છે સ્વયં માટે. ચાલો આપણે સહું આપણી માટે જ કરતલ ધ્વનિથી આપણું જ બહુમાન કરીએ. સ્વયંશિસ્તમાં રહેવું એ કોઈ પરકીય ગુલામી નથી જ નથી!

વાણી સ્વાતંત્ર્ય વિચાર સ્વાતંત્ર્યનો અને અભિવ્યક્તિના સ્વાતંત્રની ડીંગો હાંકતાં આપણે કોઈ દિવસ વિચાર કર્યો છે કે કાયમ આપણે આપણાં હક્કો જ શા માટે વિચારીએ છીએ? અને ખૂબ જ સિફતપૂર્વક આપણી ફરજોને ભૂલી જઈએ છીએ.

આ મહામૂલી ધરતીને, આ પર્યાવરણને આપણે જ પીંખી નાખ્યુ છે, એ ભૂલી ગયા છીએ કે શું? તો પછી આ કુદરતની મહામારી, આ કુદરતના કોપ ઝીલવા માટે આપણે જ તૈયાર રહેવું પડશે.આપણી અવેજ કોઈ બીજો ભરે એ તો કેવી રીતે બને?

માત્ર કરવા ખાતર વિરોધ કરીને આપણે ક્યાંક આપણા જીવનનો જ વિરોધ તો નથી કરી રહ્યા ને! સોશિયલ મીડિયા પર અને બીજા માધ્યમો થકી લોકો પોતાનું જ્ઞાન ઘણું પીરસી રહ્યાં છે. પણ જ્યારે સ્વયં પ્રજ્ઞાની વાત આવે, વિવેકની વાત આવે ત્યારે શું?

આ સમય આત્મમંથન કરવાનો તો છે જ, પણ સાથે સાથે રાષ્ટ્રચિંતન પણ કરવાની જરૂર છે. થોડો ટેક્સ ભરી દેવો અને ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીએ ક-મને રાષ્ટ્રગાન ગાઈ લઈને દેશભક્તિ દેખાડી દેવી એ જ રાષ્ટ્રસેવા છે? જવા દો, આપણે બધાં સમજું છીએ. કદાચ વધારે પડતા; અને પ્રશ્ન પણ એટલે જ ખડાં થાય છે. આ પ્રશ્નો આપણે ઊભા કર્યા છે. ઉત્તર પણ આપણે જ મેળવવા રહ્યાં.

- jayuoza@gmail.com, Mo.9898046488

# ‘હેલ્લો, હું વિજય રૂપાણી બોલું છું, કેમ છે હવે આપની તબિયત?’

**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

"હેલ્લો, હું ગુજરાતનો મુખ્યમંત્રી વિજય રૂપાણી બોલું છું."

"બોલો, સાહેબ."

"આપ કોણ ફિઝા હુસૈન બોલો છો."

"હા, સાહેબ."

"કેમ છે, હવે આપની તબિયત ?"

"સાહેબ, તબિયત એકદમ સારી થઈ ગઈ છે."

"આપને સારવાર કેવી મળી ? કોઈ તકલીફ તો નથી ને ?"

"સાહેબ, સારવાર એકદમ સરસ મળી. ખરેખર તમારી સરકારે ખૂબ સારું કામ કર્યું છે. કોઈપણ પ્રકારની તકલીફ પડવા દીધી નથી."

"એ તો અમારી ફરજ છે અને જવાબદારી પણ છે. આ એક નાજુક સમય છે. આપણે બધાએ ભેગા મળીને આ સમયને સાચવી લેવાનો છે. આપણે બધા સાથે મળીને જેટલી કાળજી લઈશું એટલું સારું છે. તમને જે સારવાર આપવામાં આવી એ એકદમ બરાબર હતી ને ?"

"સાહેબ, એટલી સરસ સારવાર થઈ છે કે, શું કહું. મારી પાસે એ વ્યક્ત કરવા માટે કોઈ શબ્દો જ નથી. હું બેડ પર બેઠો થવાનો પ્રયત્ન કરતો હતો ત્યા તો એક સાથે પાંચ પાંચ ડોકટરો ઊભા થઈને મારી પાસે આવી જતા હતા."

"રહેવાની, ખાવા-પીવાની સગવડ બરાબર હતી ને ?"

"કોઈ વાતે કશું કહેવું પડે એમ નથી. તમે ખૂબ ચિંતા કરી રહ્યા છો અમારા બધાની. લોકોની ઝીણી ઝીણી બાબતનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે."

"તમારો રિપોર્ટ નેગેટિવ આવ્યો તે એક રાહતના સમાચાર છે. જો કે હજુ આપણે બધાએ સાથે મળીને ખૂબ ધ્યાન રાખવાનું છે. ખાસ તો ડોકટરો, નર્સો અને બીજા તમામ સ્ટાફનો આભાર માનું છુ. એ લોકો ખડે પગે લોકોની સારવાર કરી રહ્યાં છે અને સરસ કામ કરી રહ્યા છે." (એ પછી ફિઝા હુસૈનનાં પત્ની શમશાદબહેન ફોન પર આવે છે.)

શમશાદબહેનઃ "સાહેબ, આપનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. અમને કોઈ જાતની તકલીફ ના પડી. ડોકટરોએ ખૂબ જ સરસ સારવાર કરી છે. અમારા બધાનું ખૂબ જ ધ્યાન રાખ્યું. તમે ખુબ સરસ વ્યવસ્થા કરી છે સાહેબ."

"બહેન, એ તો અમારી ફરજ છે. હવે શાંતિથી ઘરે જજો. તેમને અલગ રાખજો. ખૂબ સાચવજો. જ્યારે પણ મારી જરૂર પડે ત્યારે કોઈ પણ સમયે મને ચોક્કસ કહેજો."

આ છે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરાના વાયરસ સંક્રમિત એક દરદી સાથે કરેલી વાતચીતનો અંશ. સમગ્ર વાતચીત તો ખૂબ લાંબી છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવી રીતે તેમના સીએમ ડેશ બોર્ડ અને જન સંવાદ કેન્દ્ર ઉપરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા રોજે રોજ ઘણા દર્દીઓ અને તબીબી યોધ્ધાઓ સાથે વાત કરી રહ્યાં છે. સીએમ હાઉસમાં જન સંવાદ કેન્દ્ર હમણા હમણાથી કોરોના વોર રૂમમાં તબદીલ થઈ ગયો છે એમ કહીએ તો ખોટુ નથી. શ્રી વિજયભાઈની વાતચીતના શબ્દે શબ્દમાં જે આત્મીયતા છલકે છે તે બતાવે છે કે, ગુજરાતનુ સદનસીબ છે કે, સાચા અર્થમાં સંવેદનશીલ મુખ્યમંત્રી ગુજરાતને મળ્યા છે. આ ઉપરથી સમજી શકાય છે કે, આ સરકારને માત્ર બોલવામાં કે ઓળખાવામાં નહીં, વાસ્તવમાં વર્તન અને એની અનુભુતિમાં સંવેદનશીલતાનો અસ્ખલિત ધોધ વહેતો જોવા મળે છે.

ઘરનો કોઈ મોભી પોતાના પરિવારજનો સાથે અંગત રીતે વાત કરતો હોય તેવા આ બધા સંવાદો છે. વિજયભાઈ રૂપાણીનું સહજ સંવેદનશીલ વ્યક્તિત્વ છે. કરૂણા તેમનામાં ઈનબિલ્ટ ઈન્ગ્રેડિયન્ટ છે. તેમનું વ્યક્તિત્વ કોઈપણ આડંબર વિનાનું કાચ જેવુ પારદર્શક છે. વાસ્તવિક ભૂમિ ઉપરના સાચા અર્થમાં કોમન મેન જેવા જ જણ હોવાથી તેઓ તરત જ બધાની સાથે પોતાની જાતને જોડી શકે છે. સામેની વ્યક્તિ કોઈ પણ પ્રકારના સંકોચ, આચારસંહિતા, પ્રોટોકોલ કે પછી ડર વિના પોતાની વાત ખુલ્લા દિલે એમને કરી શકે છે. એવું લાગતું જ નથી કે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી સાથે વાત કરી રહ્યા છે. તેમને તો એવું જ લાગે છે કે તેઓ પોતાના ઘરના મોભી સાથે વાત કરી રહ્યા છે. સંપૂર્ણ સરળતા અને પાકી સંવેદનશીલતા હોય તો જ આવું બને.

વિજયભાઈ દરદીઓ સાથે ફોન પર વાત કરે છે તો તેમના ખબર અંતર પૂછે છે. તેમને ક્યારે શું થયું હતું, કઈ સારવાર લીધી, સારવાર બરાબર મળી કે નહીં, ડોકટરોની ટ્રીટમેન્ટ વિશે પુછે. ખાવાની સવલત અને સ્વાદ સુધ્ધાની દરકાર લે. ઝીણી ઝીણી અનેક વાતો ફોન ઉપર વિજયભાઈ પૂછે છે. એકવાર નહીં વારંવાર ફેરવી ફેરવીને પૂછે કે, તમને કોઈ પ્રકારની તકલીફ તો નથી ને? કોઈપણ પ્રકારની જરૂરિયાત તો નથી ને? જો હોય તો સહેજે સંકોચ ના કરશો. તમે મને કહી દેજો. ભવિષ્યમાં પણ જ્યારે જરૂર પડે ત્યારે મને બેધડક કહેજો. તેમણે રોજે રોજ ઘણા દર્દીઓ સાથે આત્મિય રીતે વાત કરી.

આ વીડિયો સંવાદ જાણે કે થવા ખાતર થયો હોય તેવું બિલકુલ નથી લાગતુ આ કોઈ સરકારી વિધિ હોય તેવું પણ નથી લાગતું. આત્મીયતા અને લાગણીથી છલકાતા આ સંવાદો હતા. પરિવારના એક સભ્ય તરીકે એમણે બધાની સાથે સહૃદયી વાત કરી છે.

રાજકોટના એક દર્દી સાથે વાત કરતા તેમની દુકાનનું પૂછ્યું. તરત જ તેમને યાદ આવી ગયું કે, કયા વિસ્તારની વાત કરે છે. આ સંવાદમાં મુખ્યમંત્રીની સંવેદનશીલતા સાથે લોકાભિમુખતા પણ ઉડીને આંખે વળગી.

દરેક દર્દીનેપૂછે કે, ક્યાંથી આવ્યા હતા ? વિદેશ શા માટે ગયા હતા ? ધંધો શું કરો છો ? વિદેશથી ક્યારે આવ્યા ? વગેરે વગેરે બાબતો તેઓ વિગતવાર પૂછે અને એમાં રસ લે.

ડોકટરો સાથેની વાતચીતમાં તેઓ ડોકટરોનો ખાસ આભાર માને છે. તેમને મુખ્યમંત્રીશ્રી કહે છે કે, ‘તમે દર્દીઓ માટે અત્યારે તો ભગવાન બનીને આવ્યા છો. તમને બરાબર સાચવવા એ અમારી પહેલી ફરજ છે.’ તેમણે રાજ્યના તબીબો સાથે અત્યંત આત્મિયતા સાથે વાત કરી અને એમનામાં આત્મવિશ્વાસ ભરી દીધો. દરદીઓની સારવામાં લાગેલા રાજ્યના તમામ ડોક્ટરો અને પેરા મેડિકલ સ્ટાફને શ્રી વિજયભાઈ રૂપાણીમાં સમર્થ વહિવટકર્તા અને લાગણીશીલ આત્મજનના કોમ્બો દર્શન થયા.

‘ડૉ. સીમાબહેન મઝામાં...’

‘યસ સર, ગુડ મૉર્નિંગ...’

કેમ ચાલે છે બધુ હોસ્પિટલમાં ?

‘બધુ સરસ છે, સર’

‘પહેલાં તો તમને બધાને ધન્યવાદ આપવા છે. તમે બધા જાતની પરવા કર્યા વગર જનતાની જે સેવા કરો છો એ બદલ તમને સૌને અભિનંદન. આ ગૌરવની વાત છે. શું પરિસ્થિતિ છે હોસ્પિટલમાં પેશન્ટની ? દરદીઓમાં અત્યારે રોગની જાગૃતિ આવી છે. તેના કારણે અગાઉના દરદીઓ કરતાં અત્યારે દરદીઓમાં કોઈ બદલાવ આવ્યો છે ખરો ?

‘સાહેબ, અત્યારે સાત પેશન્ટ છે અને બે ત્રણ દિવસથી બધાનો ટેસ્ટ નેગેટીવ આવી રહ્યો છે.’ ’વેરીગુડ.’

હોસ્પિટલના તમામ દરદીઓની જાણકારી મેળવી એમણે ડૉ. સિમાબહેનને હોસ્પિટલના તમામ સ્ટાફની ખબર પુછીને કહ્યું કે, ‘તમે બધા તમારી તબિયત બરાબર સાચવજો. તમારા લોકોની રહેવાની વ્યવસ્થા યોગ્ય કરી છે ને ? તમને બધાને જમવાની કોઈ અગવડ તો નથી ને ? જો કોઈ પણ તકલિફ હોય તો તરત મારૂ ધ્યાન દોરજો.’

ડોકટરો સાથેના સંવાદમાં મુખ્યમંત્રી વારંવાર કૃતજ્ઞતા વ્યક્ત કરતા હતા. તેમની બધી સુવિધાઓ યોગ્ય છે કે કેમ તેની રજેરજની વિગતો મેળવતા હતાં. એકએક વિગત યાદ કરીને પૂછતા હતાં. વચ્ચે વચ્ચે કહેતા રહે કે, ‘કંઈ પણ તકલીફ હોય તો વિનાસંકોચે મને કહેજો. સહેજ પણ શરમાતા નહીં. અમારા માટે તમે તબીબો અને મેડિકલ સ્ટાફના તમામ કર્મયોગીઓ એક યોધ્ધા છે. તમારી સલામતી અમારી ટોપ પ્રાયોરિટી છે. અમારે તમને સાચવવાના છે. તેઓ તમામ મેડિકલ સ્ટાફને સતત ધન્યવાદ આપતા હતા.

તાજેતરમાં એક નેશનલ ચેનલ ઉપર કોરોનાને પરાસ્ત કરવાના જંગમાં ગુજરાતની સજ્જતાનુ વિગતવાર નિરૂપણ જોયું ત્યારે એક ગુજરાતી તરીકે સૌ કોઈના મુખ ઉપર સરકારની અસરકારકતાનો સંતોષ ચકાઈ ઉઠ્યો. ચેનલે

અનુસંધાન પાના નં ૭ પર